# ઉદારતા : શ્રેષ્ઠગુણ



એક સુંદર મઝાનું સરોવર હતું. તે સરોવર પાસે એક જાંબુનું ઝાડ આવેલ હતું. તે જાંબુના ઝાડ ઉપર મબલખ પ્રમાણમાં મધ-મીઠાં જાંબુઓનો ફાલ લહેરાઈ રહ્યો હતો. તેમજ તે જાંબુનાં ઝાડ ઉપર એક વાંદરો પણ રહેતો હતો. જે મધ-મીઠાં જાંબુ ખાવાનો અનેરો આનંદ ઉઠાવતો હતો.

એક દિવસની વાત છે. સંધ્યાનો સુમધુર અને આહ્લાદક સમય હતો. ચારે તરફ ખુશનુમા વાતાવરણ હતું. લીલીછમ હરિયાળીથી તે સરોવર અતિ સુંદર લાગી રહ્યું હતું. જાંબુના ઝાડ ઉપર રહેલ નટખટ વાંદરો મધ-મીઠાં જાંબુ ખાઈ ખાઈને તેના ઠળિયા સરોવર ઉપર ફેંકી રહ્યો હતો. સરોવરની માછલીઓ લલચાઈને જાંબુ ખાવા માટે ઊમટી પડતી હતી. પરંતુ ખાલી ઠળિયાઓને જોઈ નિરાશ થઈ ઊઠતી હતી. ઘડીભર તો તેઓને તે નટખટ વાંદરા ઉપર ક્રોધ થઈ આવતો હતો, પરંતુ તેઓ લાચાર હતી.

બરોબર આવા સમયે એક વિશાળ કદનો હાથી તે સરોવર ઉપર પાણી પીવાના ઉદ્દેશ સાથે ત્યાં આગળ આવી ચડ્યો અને પછી તે શાંતભાવે સરોવરનું નિર્મળ, સ્વચ્છ પાણી પીવા લાગ્યો. એકાએક જાંબુના ઝાડ ઉપર રહેલ નટખટ વાંદરાની નજર તે પાણી પીતા હાથી ઉપર પડી. આથી તેના મનમાં કપટ, નટખટભર્યા ભાવો ઊમટવા લાગ્યા.

બાદમાં તે જાંબુઓ ખાઈ ખાઈને તેના ઠળીયાઓનો પ્રહાર તે નિર્દોષ પાણી પીતા હાથી ઉપર કરવા લાગ્યો.

અચાનક જાંબુના ઝાડ ઉપરથી તે નટખટ વાંદરાનો આ રીતે ઠળિયાઓનો પ્રહાર થતાં જ તે હાથી ચોંકી ઊઠ્યો. બાદમાં તે બોલ્યો, 'અરે ઓ વાંદરાભાઈ, શા માટે મારા ઉપર ઠળિયાનો પ્રહાર કરો છો? શાંતિપૂર્વક સરોવરનું પાણી પીવું છું. ' પરંતુ આ તો નટખટ સ્વભાવ ધરાવતો વાંદરો હતો. તેને તો આવી બધી પ્રવૃત્તિ કરવા બદલ માનસિકપણે આનંદ આવી રહ્યો હતો. કોઈ હેરાન થતું હોય તો તેને મદદ કરવી જોઈએ તેના બદલે આ વાંદરો હેરાન થતી વ્યક્તિ ઉપર ખુશ થતો હતો. હાથીએ તે વાંદરાને સમજાવવાના અનેક પ્રયત્ન કર્યા, તેમ છતાં તે નટખટ વાંદરો એકનો બે ન થયો, હોં? તે તો પોતાની હીન-હિંસાત્મક પ્રવૃત્તિમાં જ રત હતો. સરોવરની અંદર રહેલ માછલીઓ પણ તે વાંદરાના આવા સ્વભાવથી તંગ આવી ગઈ હતી. તેમને લાગ્યુંકે આજે જો આ ભીમકાય હાથી તે નટખટ વાંદરાને પાઠ ભણાવે તો સારું, હોં? અને ખરેખર તે હાથી આવી જ કશીક યોજના ઘડી રહ્યો હતો. બાદમાં તે થોડો ગુસ્સે થતાં જાંબુનાં ઝાડ તરફ ચાલવા લાગ્યો. આ જોઈ તે વાંદરો જાંબુના ઝાડની ટોચની ડાળી તરફ સરકવા લાગ્યો. પરંતુ આજે તે ભીમકાય હાથી તેને એમ સહેલાઈથી જવા દે તેમ લાગતું નહોતું, હોં.'

તે ભીમકાય હાથી જાંબુના ઝાડ પાસે ગયો અને પછી તે ઝાડની ડાળીઓ પોતાની સૂંઢમાં લઈ જોરજોરથી તે હચમચાવવા લાગ્યો. વાંદરો તો જો કે ઉપરની ટોચની ડાળીએ જઈને બેસી ગયો હતો અને પછી તે હાથીની હરકત જોવા લાગ્યો. પરંતુ તે હાથી આજે તો તે નટખટ વાંદરાને બરોબરનો પાઠ ભણાવવાના દ્રઢ નિશ્ચય સાથે જ આગળ આવ્યો હતો. હાથી થાક્યા વગર જોરજોરથી જાંબુનાં ઝાડની ડાળીઓ હચમચાવતો જ ગયો અને એક પછી એક ડાળીઓ તોડતો જ ગયો.

ધીરે ધીરે જાંબુનું ઝાડ હલબલવા લાગ્યું. અને.... અને.... તે સાથે જ વાંદરો ભયનો માર્યો ગભરાઈ ઊઠ્યો. બાદમાં તેના હાથમાંથી જાંબુના ઝાડની ડાળી છટકી ગઈ અને તે એક મોટા ધબાકા સાથે જમીન ઉપર ખાબક્યો. હાથી એ દોડીને તે વાંદરાની પૂંછડી પોતાની સૂંઢમાં પકડી તેને હવામાં જોરથી ઘુમાવ્યો. બસ, ખલાસ ? તે વાંદરાનું નટખટપણું એક સેકન્ડમાં જ ચાલ્યુ ગયું. તેને હવે અંતરથી પસ્તાવો થવા લાગ્યો. આ જોઈ તે હાથીને તેની દયા આવી અને પછી તેને મુક્ત કરતાં બોલ્યો, 'વાંદરાભાઈ, જીવનમાં નટખટપણું જ ન ચાલે સાથમાં ગંભીરતા, સમજદારી તથા માનવતા પણ હોવી જરૂરી છે, હોં ?'

હાથીની બોધપ્રેરક વાણી સાંભળી વાંદરાને વધુ પસ્તાવો થયો. તેને લાગ્યું કે પોતે અત્યારસુધી જે જીવન જીવ્યો છે તે તદ્દન નટખટપણામાં જ જીવ્યો છે અને ખરું જીવન તો

હવે જ શરૂ થશે, હોં. બાદમાં તે હાથીની ખરા હૃદયે માફી માગતો ત્યાંથી દૂર દૂર ચાલ્યો ગયો. સરોવરની માછલીઓ પણ આવું અદભુત દ્રશ્ય નિહાળી ભાવવિભોર થઈ ઊઠી.

બાદમાં તે હાથીએ જાંબુના ઝાડ ઉપરથી મબલખ જાંબુ ઉતારીને તે સરોવરની માછલીઓને ખાવા માટે આપ્યાં. આ જોઈ તે સરોવરની માછલીઓ તે હાથીનો અંતરથી આભાર માનવા લાગી. બાદમાં તે હાથી જંગલ તરફ ચાલતો થયો.

લેખક: શૈલેષ કે. રાયપુરા બોધકથાઓ